# અંતરશુદ્ધિનાં સોપાન

## શ્રીગુરુમાઈ દ્વારા લિખિત પુસ્તકમાંથી

## ઉદ્ધરણ ૪

બીજી વ્યાખ્યા ભગવાન કૃષ્ણે અર્જુનને આપી તે છે, *યોગઃ કર્મસુ કૌશલમ્*, ‘‘કર્મમાં કુશળતા યોગ છે.’’ આ શ્લોકમાં અર્જુનને સારાં અને ખરાબ કર્મોનો શિકાર બન્યા વગર યોગનું પાલન કરવા કહેવામાં આવ્યું છે.

મોટા ભાગનાં લોકો ખૂબ ઉગ્રતાથી એવું બતાવવા કાર્ય કરે છે કે તેઓ કેટલાં સાચાં છે અને બીજાં કેટલાં ખોટાં છે. તેઓ એવું સાબિત કરવા માંગે છે કે તેમનો ઉદ્દેશ્ય કેટલો સારો છે અને બીજાં બધાં લોકોનો કેટલો વિનાશકારી અથવા સ્વાર્થી છે. તેથી તેમનાં કર્મોમાં કોઈ પવિત્રતા નથી હોતી. તે ‘હું તારાથી ઘણો સારો છું’ મનોવૃત્તિથી દૂષિત છે. શું તમે આવું કાર્ય ક્યારેય કર્યું છે? કર્મ ઉચિત છે કે અનુચિત, સારું છે કે ખરાબ, સામાન્ય રીતે, મોટા ભાગનાં લોકો પોતાનું પ્રભુત્વ પ્રાપ્ત કરવા પ્રયાસ કરતા હોય છે. આનાથી કંઈ યાદ આવ્યું? જે લોકો આવો વ્યવહાર કરે છે — અને મોટા ભાગનાં લોકો કરે છે — તેઓ જંગલના નિયમ પ્રમાણે જીવી રહ્યાં છે. સૌથી શક્તિશાળી જ જીવિત રહે છે. જે ઘાંટા પાડે તે જીતે. અને તેથી ક્યારેક તેમનાં ઘણાં કાર્યો સારી રીતે પૂરા થતાં હોય તેમ છતાં તમે એમ ન કહી શકો કે તેઓ યોગારુઢ છે.

કર્મમાં કુશળતા યોગ છે, યાદ આવ્યું? આ કુશળતા ખરેખર શું છે? તે તમારા તુચ્છ અહંને તમારા પરમ આત્માથી અલગ કરવાનું પ્રજ્ઞાન છે. તે એક કૌશલ છે તમારી પોતાની પ્રેરણાને ઓળખવાનું, એ કહી શકવાનું કે તમે કોઈ કર્મ તમારા પોતાની વાહ વાહ કરાવવા અથવા તમે જે સંસારમાં રહો છો તેના હિતને માટે કરી રહ્યાં છો કે નહીં. તે શક્તિ છે તમારા પોતાના અંધકાર સાથે લડવાની અને પ્રકાશ ઉપર પોતાની દૃષ્ટિ રાખવાની. તે ક્ષમતા છે પ્રલોભનોને દૂર રાખવાની અને પ્રમાણિકતાથી કાર્ય કરવાની.

અવશ્ય, બધાં પ્રકારનાં વિઘ્નો ઉત્પન્ન થવાનાં જ છે. વસ્તુતઃ એ તો કુદરતનો નિયમ છે — જે ક્ષણે તમે નક્કી કરો છો કે તમે દરરોજ સવારે વહેલા ઊઠીને ધ્યાન કરશો, તે જ ક્ષણે લાખો આપત્કાલીન પરિસ્થિતિઓ ઊભી થઈ જાય છે. જો તમે યોગમાં સ્થિર નહીં હો, તો પછી તે પરિસ્થિઓને દૂર કરવાની અને ભલે કાંઈ પણ હોય, પોતાના સર્વોચ્ચ ધર્મનું પાલન કરવાનું કૌશલ્ય, સૂક્ષ્મ ક્ષમતાનો વિકાસ તમારામાં ક્યારેય નહીં થાય. આધ્યાત્મિક અભ્યાસો કરવા માટે અપાર શક્તિ જોઈએ. હંમેશાં તમારી યોજના મુજબ બધાં કામ થતાં નથી. ખરેખર, મોટે ભાગે તે ક્યારેય થતાં નથી. તેથી તમારે જાગૃત રહેવું જોઈએ. તમે તમારાં સત્કર્મો અથવા તમારા પૂર્વજો પાસેથી વારસામાં મળેલા પુણ્યો પર નિર્ભર ન રહી શકો. તમારે માત્ર તમારા આત્મા પર નિર્ભર રહેતાં શીખવું પડશે. એટલા માટે તમે યોગનો અભ્યાસ કરો છો.

એક ઘણા સારા લેખકે એકવાર કહ્યું હતું, ''જો તમારું વહાણ પાસે આવે નહીં, તો તરીને તેની પાસે જાઓ.'' હવે એ છે કર્મયોગ. મોટા ભાગનાં લોકો આવું નથી કરતાં. તેઓ બે કોડીની સલાહ આપે છે અને બદલામાં લાખો ઉપકારની અપેક્ષા રાખે છે. તેઓ એક ભલું કાર્ય કરે છે અને આશ્ચર્ય વ્યક્ત કરે છે કે આ દુનિયા કૃતજ્ઞ કેમ નથી. શું તે આશ્ચર્યજનક નથી કે લોકો શું કરે છે અને બદલામાં તેઓ આશા શું રાખે છે, લોકો શું નથી કરતા અને બદલામાં તેઓ આશા શું રાખે છે? તેના અથવા તેણીના જીવનને સ્વર્ગ બનાવવા કોઈપણ નિરંતર પ્રયત્ન કરવા માંગતું નથી, પરંતુ બધાં ઇચ્છે છે કે બીજાં લોકો કરી શકે તેના કરતાં વધુ મહેનત કરે. ''તમે કેમ ન આવ્યાં? મેં તમારી કેટલી રાહ જોઈ. તમે મને ફોન કેમ ન કર્યો? મારા જન્મદિવસ પર તમે મને પત્ર કેમ ન મોકલ્યો? કેમ? તમે આ કેમ ન કર્યું? તમે પેલું કેમ ન કર્યું? તમે મને કંઈક મીઠા બોલ કેમ ન કહ્યાં? તમે કેમ ન કહ્યાં? તમે ક્યારેય મારા માટે ગીત કેમ નથી ગાતાં?''

આ બધી સારી સારી વાતો હંમેશાં બીજા કોઈએ જ કરવી જોઈએ. બીજાં કોઈ લોકો, જેનો ઉલ્લેખ સામાન્ય રીતે ''તેઓ'' તરીકે થતો હોય છે. ખરેખર, તેઓ જ્યારે તે કરે છે, તો ''તેઓ''એ આ બધા મહાન સદ્‌ગુણોનો વિકાસ પણ કરવો જ જોઈએ. અંતે, તમે પોતાને કહો છો, ''તેઓ'' જ છે જેમને આ સદ્‌ગુણોની જરૂર છે, શું એવું નથી?

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, *અંતરશુદ્ધિનાં સોપાન : દિવ્ય સદ્‌ગુણોનો યોગ,* અધ્યાય ૩, 'યોગમાં દઢતા'માંથી (ચિત્‌શક્તિ પબ્લિકેશન્સ, ચેન્નઈ, ૨૦૧૩), પૃષ્ઠ ૪૦-૪૨.